ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ફિન-ટેક ઉદ્યોગો માટે આવી રહી છે નવી પોલિસી, ગિફ્ટ સિટીને મોટો લાભ

### નવી પોલિસીમાં આ સેક્ટરના ઉદ્યોગો માટે ઉભા થનારા બિલ્ડીંગમાં વધારે એફએસઆઇ, વીજડ્યુટી અને સ્ટેમ્પડ્યુટીમાં રાહતોની સંભાવના

ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી ફિન-ટેક ઉદ્યોગોને પ્રમોટ કરવા માટે નવી પોલિસી લાવી રહ્યાં છે જેનો સીધો ફાયદો ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક- ગિફ્ટ સિટીને થવાનો છે. આ પોલિસીમાં ઈપીએફ, ઈલેક્ટ્રિસિટી ડ્યુટીમાં છૂટ અને સ્ટેમ્પડ્યુટીમાં રાહતો મળશે.

મહત્વની બાબત એવી છે કે ફિન-ટેક ઈન્ડસ્ટ્રીઝ એકમો માટે નવા ઉભા થનારા બિલ્ડીંગમાં વધારે એફએસઆઈ આપવાની પણ વિચારણા ચાલી રહી છે. આ સાથે ઉદ્યોગોને અનુરૂપ મેનપાવર માટેનું ટ્રેઈનિંગ સેન્ટર પણ શરૂ કરવામાં આવશે કે જે ઉદ્યોગોને માનવબળ પુરૂં પાડશે. સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે ગુજરાત સરકાર ગિફ્ટ સિટીને ફિન-ટેક હબ તરીકે વિકસાવી રહી છે. સરકારના ઉદ્યોગ વિભાગના ટોચના અધિકારીઓ વિવિધ કંપનીઓ સાથે ચર્ચા કરી રહ્યા છે. મોટી ચાર ટેક કંપનીઓ ગિફ્ટ સિટીમાં ટેક્નોલોજી અને ફિન-ટેક કંપનીઓ અને સ્ટાર્ટ-અપ્સની વૃદ્ધિને પ્રોત્સાહન આપશે. ઉદ્યોગ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે ભારતમાં ગિફ્ટ સિટી પહેલું અને એકમાત્ર ફાયનાન્શિયલ સિટી છે, જે ઈન્ટરનેશનલ ફાયનાન્શિયલ સર્વિસ સેન્ટર (IFSC) સ્ટેટસ સાથે મલ્ટી સર્વિસ SEZ ધરાવે છે. સ્થાનિક અને વૈશ્વિક ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન્સ બિઝનેસ ધરાવતી વૈશ્વિક અને સ્થાનિક ફિન-ટેક કંપનીઓ માટે બિઝનેસનો પ્રારંભ લાભદાયી રહેશે.

સરકાર ગિફ્ટ સિટીમાં ટેક્નોલોજી અને ફિન-ટેક હબની રચનાનો પ્રયાસ કરી રહી છે. તાજેતરમાં ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (GIDC) એ GESEA- IT એસોસિયેશનની મદદથી ગિફ્ટ સિટીમાં ટેક્નોલોજી હબ વિકસાવવાનું શરૂ કર્યું છે. ૧૨ લાખ ચોરસ ફૂટ વિસ્તારમાંથી GIDCને IT હબ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા ૬ લાખ ચોરસ ફૂટ જમીન આપવામાં આવી છે. ગિફ્ટ સિટીના એમડી તપન રે એ કહ્યું હતું કે, ગિફ્ટ સિટી પાસે IFSC સ્ટેટસ હોવાથી આગામી પગલું ફિન-ટેક હબની રચના કરવાનું હશે. અમે ત્રણ ફિન-ટેક સર્વિસિસ એરક્રાફ્ટ લીઝિંગ, મરિન લીઝિંગ અને ફિન-ટેકના ઓનશોરિંગનો પ્રસ્તાવ તૈયાર કરીને કેન્દ્ર સરકારને મોકલવાના છીએ.

# પેટ્રોલ, ડીઝલ, સિંગતેલ તો ઠીક, બીજી ચીજવસ્તુના ભાવ પણ ભડકે બળે છે

### મોંઘવારી વધવાના અનેક કારણો છે પરંતુ સૌથી મોટું કારણ ડીઝલના આસમાને પહોંચેલા ભાવ અને જીએસટીના ઉંચા દર છે, કોરોના કાળ મોંઘવારીમાં પસાર થઇ રહ્યો છે

ગાંધીનગર

"મોંઘવારી વધવાના એક નહીં અનેક કારણો છે પરંતુ સૌથી મોટું કારણ ડીઝલના આસમાને પહોંચેલા ભાવ છે. આઝાદી પછીના સૌથી ઉંચા ભાવે લોકો ડીઝલ ખરીદે છે છતાં સરકાર તેના પર લાદેલી વિક્રમી એક્સાઈઝ દૂર કરતી નથી. સરકારને આવકની પડી છે પરંતુ સામાન્ય લોકોની લાચારી દેખાતી નથી." બીજું મહત્વનું પરિબળ જીએસટીના ઉંચા ભાવ છે.

ભાજપના એક પૂર્વ ધારાસભ્ય કહે છે કે જો આ રીતે મોંઘવારી વધતી જશે તો ગરીબી રેખા નીચે બીજા વધુ પરિવારોને સમાવવા પડે તેવી સ્થિતિ છે. કોરોના સંક્રમણના સમયમાં સરકારને આવકના સાધનો ઉભા કરવા છે પરંતુ મધ્યમવર્ગના બજેટને છિન્નભિન્ન કરી રહેલા ભાવવધારા સામે કોઈ કદમ ઉઠાવવામાં આવતું નથી. સરકાર તેની તિજોરી ભરી રહી છે અને લોકોની તિજોરી ખાલી થઈ રહી છે.

પેટ્રોલ અને ડીઝલમાં મોંઘવારી નડે છે તે સૌ કોઈ જાણે છે પરંતુ તેની સાથે જીવન આવશ્યક ચીજવસ્તુઓમાં પણ પ્રતિદિન ભાવવધારો થતો રહ્યો છે. કોરોના સંક્રમણ સમયમાં ચીજવસ્તુના ભાવ ઓછાં થવા જોઈએ પરંતુ નોર્મલ સમય કરતાં આ સમયમાં ભાવમાં તીવ્ર વધારો જોવા મળી રહ્યો છે. આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ ૮૦ રૂપિયાની આસપાસ થઈ ગયા છે છતાં સરકાર કે વિપક્ષ ચૂપ છે.

ગ્રાહકોના હિતમાં કામ કરતી એક સંસ્થાએ જણાવ્યું છે કે આવશ્યક ચીજવસ્તુમાં ગયા વર્ષની સરખામણીએ ૨૦૨૦માં સરેરાશ ૩૫ થી ૪૦ ટકાનો ભાવવધારો થયો છે. સાત વર્ષ પહેલાં પેટ્રોલ અને ડીઝલના ભાવ વચ્ચે ૧૮ થી ૨૦ રૂપિયા સુધીનો તફાવત હતો પરંતુ આજે પેટ્રોલ અને ડીઝલના ભાવ સરખાં થયાં છે. દેશમાં ટ્રાન્સપોર્ટેશન ડીઝલ પર આધારિત છે.

તાજેતરમાં એક તબક્કે પેટ્રોલ કરતાં ડીઝલ વધારે મોંઘુ થયું હતું, કારણ કે તેમાં એક્સાઈઝ, વેટ અને સેસની ટકાવારી વધારે છે. ડીઝલના ભાવવધારાની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન પર પડે છે. મુસાફરી મોંઘી બને છે. ટ્રાન્સપોર્ટેશનના વાહનોના ભાડા વધે છે તેથી ચીજવસ્તુઓ મોંઘી થઇ છે. અત્યારે ખાદ્યતેલ, શાકભાજી અને ફળોના ભાવ ભડકે બળી રહ્યાં છે. આજે લોકો પેટ્રોલ પુરાવે છે ત્યારે પહેલાં તેમની નજર આજના ભાવ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં વેક્સિન માટેનો એક્શન પ્લાન તૈયાર

### કોરોના વોરિયર્સ અને ૫૦ થી વધુ વયના લોકોની યાદી કોરોના વેક્સીન માટે તૈયાર કરાઈ : જિલ્લા પંચાયત ખાતે ખાસ વેક્સીન સ્ટોર બનાવાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સીનેશન અંગેની તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ માટે ગાંધીનગર જિલ્લા પંચાયત કચેરી ખાતે ખાસ વેક્સીન સ્ટોર પણ ઉભો કરવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે આ વેક્સીન સ્ટોર માટે ખાસ અલાયદુ વીજ કનેક્શન પણ મેળવવામાં આવશે. આ માટે ખાસ વ્યવસ્થાઓની સાથે સાથે તે સ્ટોરનું તાપમાન પણ જળવાઈ રહે તે પણ જોવામાં આવશે.

જિલ્લામાં કોરોના વેક્સીન માટે હાલ કોરોના વોરિયર્સ ખાસ કરીને મેડીકલ-પેરા-મેડીકલની યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ હવે તંત્રએ ૫૦ થી વધુ વયના લોકોની યાદી પણ તૈયાર કરવાની કવાયત આરંભી દીધી છે અને તે અંતિમ તબક્કામાં છે. બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૩ લાખ ૮૫ હજાર જેટલા સ્ત્રી-પુરૂષોની યાદી તૈયાર કરાઈ છે.

જિલ્લા પંચાયત ખાતે જે વેક્સીન સ્ટોર બનાવવામાં આવશે તેમાં આઈએસ આર ફ્રીઝ ૮ નંગ, ડીપફ્રીઝ-૭ નંગ, ૪ કોલ્ડ બોક્ષ, ૧૦ વેક્સીન કેરિયર રાખવામાં આવશે.

જિલ્લાના ચારેય તાલુકા મથકોમાં એક સાથે જ વેક્સીન પહોંચે તે માટે અલાયદી વાહન-વ્યવસ્થા અને તે માટેનો રોડમેપ પણ તૈયાર

● અનુસંધાન પાન-૭ પર

# સેકટરોમાં બંધ સોલાર લાઈટના થાંભલા ચાલુ કરવા માટે માંગ

### છેલ્લા દોઢ વર્ષથી સોલાર લાઇટો ડુલ જોવા મળે છે : કોમન પ્લોટ અને સેકટરોના બગીચાઓમાં લાઇટો ડુલ રહેતા સ્થાનિકોમાં રોષ

ગાંધીનગર તા ૭

શહેરના સેકટરોમાં એકબાજુ સ્ટ્રીટ લાઈટો વારંવાર ડુલ થઈ જાય છે. ત્યારે સેકટરોના કોમન પ્લોટ અને બગીચામાં કોર્પોરેશન દ્વારા મુકવામાં આવેલી સોલાર લાઈટો પણ છેલ્લા દોઢ વર્ષથી બિન ઉપયોગી હાલતમાં જોવા મળી રહી છે. સોલાર લાઈટની બેટરી ડુલ થવા સહીત ચોરીના કીસ્સાઓ પણ બનતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. કોર્પોરેશન કક્ષાએથી પણ સોલાર લાઈટની જાળવણી માટે કોઈ પગલા લેવાતા નથી પરિણામે સોલાર લાઈટસની હાલત પણ બાકડા જેવી થઈ છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામે છે. એલ ઈ ડી લાઈટનો પ્રોજેકટ અમલી થયા બાદ સરકારનુ બીલ ઘટયુ છે. પરંતુ લાઈટની ફરિયાદો ઓછી થઈ નથી. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ડુલ હોવાના લીધે અનેકવાર અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. જયારે છેલ્લા દોઢ વર્ષથી કોર્પોરેશને સેકટરોના કોમન પ્લોટ તેમજ બગીચાઓમાં મુકેલી સોલાર લાઈટ પણ અજવાળુ આપતી નથી. સેકટરોના કોમન પ્લોટમાં સોલાર લાઈટના પોલ્સ શોભાના ગાંઠીયા સમાન બની

● અનુસંધાન પાન-૭ પર



તડામાર તૈયારી - ગાંધીનગર શહેરને ટૂંક જ સમયમાં એક સાથે બે ફ્લાયઓવરની ભેટ મળે એમ છે... આવનારા દિવસોમાં સરગાસણ ચાર રસ્તા અને ઘ-૦ ચાર રસ્તા પર ફ્લાયઓવર તૈયાર થઈ જશે... અદ્યતન ટેકનોલોજીના ઉપયોગ સાથે ઘ-૦ પાસે ફ્લાયઓવરની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે... ફ્લાયઓવરના નિર્માણથી અમદાવાદ - ગાંધીનગર વચ્ચે અવવા-જવાના સમયમાં ૧૫-૨૦ મિનિટ જેટલો ફરક પડશે એવું અનુમાન લગાવી શકાય છે... સાથો સાથ વિકસતા વિસ્તારમાં ટ્રાફીક જામના દશ્યો ટાળી શકાશે...

# સે-૨૧ શોપિંગ સેન્ટરમાં પાર્કીંગની સમસ્યા ઉકેલવા કોઈ આયોજન નહી

### બંધ ફ્વારાની જગ્યા ખુલ્લી કરવાનુ કામ પણ હજુ હાથ ધરાયુ નથી : શોપિંગ ફરતે મોટામસ વોક વે અને દબાણોની ભરમારથી પાર્કીંગની સમસ્યા વધુ જટીલ બની : મુલાકાતીઓ તોબા

ગાંધીનગર તા ૭

સે-૨૧ મુખ્ય શોપિંગ સેન્ટરમાં પાર્કીંગ વ્યવસ્થાના અભાવે આડેધડ વાહનોનો ખડકલો થાય છે. ફુવારાના ઠેકાણે પાર્કીંગ બનાવાની યોજના પણ હજુ સાકાર થઈ નથી જયારે સેકટર ફરતે દબાણોની હારમાળા વચ્ચે મુલાકાતીઓને વાહન પાર્કીંગ માટે જગ્યા મળતી નથી. બીજીતરફ સાંકડા માર્ગ આસપાસ ફુટપાથે પણ મોટી જગ્યા રોકી લીધી છે. જેના લીધે દબાણો પણ વધ્યા છે. શોપિંગ વિસ્તારમાં જગ્યા ખુલ્લી થાય અને પાર્કીંગની સમસ્યા હળવી કરવા માટે આયોજન કરવામાં આવે તેવી માંગણી પણ વેપારીઓ અને મુલાકાતીઓમાં પ્રબળ બની છે.

શહેરના સે-૨૧ માં છેલ્લા પાંચ વર્ષથી પાર્કીંગની સમસ્યા પેચીદી બની છે. શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરમાં પાર્કીંગનો પ્રશ્ન વિકરાળ બન્યો છે. એકબાજુ શોપિંગ સેન્ટરની આસપાસ મોટી જગ્યામાં વોક વે બનાવી દેવાયો છે. પરંતુ આ વોક વેનો ઉપયોગ પણ લારી ગલ્લાવાળા કરી રહ્યા છે. પાર્કીંગ પ્લેસ ફરતે પણ દબાણોએ અજગર ભરડો લીધો છે. બીજીતરફ શોપિગના વચાળે ફુવારા બંધ થયા બાદ પાર્કીંગ પ્લેસનુ નિર્માણ કરવાની યોજના પણ હવા થઈ ગઈ છે. છેલ્લા ત્રણ વર્ષથી આ ઠેકાણે પાર્કીંગ પ્લેસ

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાના કેસ સંદર્ભે સરકાર અને સ્થાનિક તંત્ર વચ્ચે કોઈ તાલમેલ નથી

### તંત્ર કહે છે ગાંધીનગર શહેર-જિલ્લામાં ૫૫ કેસ : સરકાર કહે છે ૭૧ કેસ

**જીઈબીમાં ૬, સે. ૨ માં ૪, સે. ૩ માં ૩, સે. ૨૨ અને ૧૭ માં ૨-૨ કેસ સહિત ૨૫ કેસ નોંધાયા : ગ્રામ્યમાં ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૧૧, દહેગામમાં ૩ અને માણસામાં ૪ કેસ : ૨૫થી વધુ મહિલા દર્દીઓ નોંધાઈ**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૫૫ કેસ નોંધાયાનું સ્થાનિક તંત્ર કહે છે જ્યારે રાજ્ય સરકારે ૭૧ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે. જિલ્લામાં આ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૭૧૧૧ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં સતત ચડાઉ-ઉતાર જોવા મળી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લા તંત્રએ આજે ગ્રામ્ય વિસ્તારમાં ૩૦ કેસ નોંધાયાનું જણાવ્યુ છે જ્યારે રાજ્ય સરકારે ૪૪ કેસ નોંધાયાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે. ગાંધીનગર શહેરમાં આજે ૨૫ કેસ નોંધાયા છે. જ્યારે સરકારે ૨૭ કેસ નોંધાયાનું કહ્યું છે.

જિલ્લામાં આજે ૨૫ જેટલી મહિલાઓ સંક્રમિતોની યાદીમાં સામેલ છે આ ઉપરાંત મોટીવયના લોકો પણ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર જિલ્લામાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થવાને પગલે મૃત્યુદર પણ વધી રહ્યો છે જો કે તંત્ર મૌન સેવી રહ્યુ છે તે પણ ચિંતાનો વિષય છે. જિલ્લામાં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્ર દ્વારા પથારીઓની સુવિધાઓ પણ વધારવામાં આવી રહી છે.

ગાંધીનગર અને કલોલ તાલુકામાં કોરોના બેખોફ બન્યો છે. દહેગામ અને માણસામાં પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૩૦ કેસોમાં ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૧૧, માણસામાં ૪ અને દહેગામમાં ૩ કેસનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે નોંધાયેલા ૩૦ કેસોમાંથી માત્ર પાંચ જ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગાંધીનગર તાલુકાના સુઘડ ગામેથી આજે ૩ અને આલમપુર ગામમાંથી ૨ કેસ મળી આવેલ છે. આ ઉપરાંત વાસણા હડમતિયા, મોતીપુરા, કોલવડા, રાંધેજા, ભાટ, રાંદેસણ અને ઉનાવા ગામેથી કેસો મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં અર્બન વિસ્તારમાંથી એક કેસ અને ખાનપુર ગામેથી બે કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ મળી આવેલ છે. જેમાં અર્બન વિસ્તારમાંથી ૨ અને પુંધરા ગામેથી બે કેસ મળી આવેલ છે. માણસા શહેરમાં પણ ધીમીગતિએ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તે તેને લઈ તંત્રની ચિંતા વધવા પામી છે.

કલોલ તાલુકામાંથી આજે ૧૧ કેસ નોંધાયા છે. તાલુકાના મોખાસણ ગામેથી ૨ કેસ મળી આવ્યા છે. આરસોડિયા ગામેથી પણ એક કેસ મળી આવેલ છે. આ ઉપરાંત કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી પાંચ કેસ મળી આવેલ છે જ્યારે કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૩ કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૩૧૨૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં વયનિવૃત્તિ પછી IAS પત્નિ સાથે IPS પતિ સામાજીક સેવાનું કામ કરશે

### ભારતીય સેવાના ગુજરાત કેડરના આ બન્ને ઓફિસરો અનુરાધા મલ્લ આ મહિને અને તેમના પતિ વિનોદ કુમાર મલ્લ એપ્રિલ ૨૦૨૧માં વયનિવૃત્ત થવાના છે

ગાંધીનગર

સરકારમાં કામ કરતાં ભારતીય સનદી કે પોલીસ સેવાના ઉચ્ચ અધિકારીઓ નિવૃત્તિ પછી સામાન્ય રીતે કોર્પોરેટ ફિલ્ડમાં નોકરી કરતાં હોય છે પરંતુ એક દંપત્તિ એવું છે કે જે નિવૃત્તિ પછી એવું કામ કરવાના છે કે જેનાથી અન્ય ઓફિસરોને પણ પ્રોત્સાહન મળી શકે છે.

૧૯૮૮ની બેચના આઈએએસ ઓફિસર અનુરાધા મલ્લ કે જેઓ અત્યારે અમદાવાદના સ્પીપાના ડાયરેક્ટર જનરલ છે તેઓ આ મહિનાના અંતમાં વયનિવૃત્ત થાય છે. તેમના એક્સટેન્શનની કોઈ શક્યતા નથી. તેમની નજીકના સૂત્રો જણાવે છે કે અનુરાધા મલ્લ નિવૃત્ત થયા પછી સોશ્યલ વર્ક કરવા માગે છે. આ સાથે તેઓ કંઈક લખવા પણ માગે છે.

તેમના પતિ વીકે મલ્લ કે જેઓ આઈપીએસ ઓફિસર છે. હાલ પોલીસ રિફોર્મ્સના તેઓ ડીજીપી છે. તેમની વય નિવૃત્તિ એપ્રિલ ૨૦૨૧માં છે. તેઓ પણ ઈચ્છી રહ્યાં છે કે સોશ્યલ વર્કમાં તેમની પત્ની અનુરાધા મલ્લને મદદ કરે. નિવૃત્તિ પછી વીકે મલ્લ સોશ્યલ કામ કરવા માગે છે.

ગુજરાત કેડરના આઈપીએસ ઓફિસર વિનોદ કુમાર મલ્લ એ પૂર્વ ઉત્તરપ્રદેશના નિવાસી છે. તેમની જાતિ મલ્લાહ કહેવાય છે જે હવે ઓબીસીમાં આવે છે. જ્યારે વિનોદ મલ્લ ૧૯૮૬માં આઈપીએસ થયાં ત્યારે તેઓ જનરલ કેટેગરીમાં આઈપીએસ થયા હતા, કારણ કે તે સમયે ઓબીસી ન હતું. તેઓ જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (જેએનયુ) ના સમાજવાદી અને બિન સાંપ્રદાયિક વિચારધારાથી વરેલા છે.

તે જમાનામાં જેએનયુમાં ભારતના સૌથી ગરીબ પણ લાયક વિદ્યાર્થીઓ તેમજ ભારતના સૌથી ધનાઢ્ય તથા લાયક લોકો એક સાથે ખભેખભો મિલાવીને ભણતા હતા અને દેશમાં સમાજવાદ લાવવાની લડત લડતા અને દેશના સૌથી ગરીબ પરિવારો વતી સંઘર્ષ કરતા હતા. તેઓ જાતિ વિહીન, બિન સાંપ્રદાયિક સમાજની કલ્પના કરતા હતા અને તે માટે સંઘર્ષ કરતા હતા.

વિનોદ કુમાર મલ્લ જેએનયુની સામાજિક, આર્થિક વિચારધારાના જ પરિણામે પોતે જાતિવાદી સમાજ અને વિસ્તારમાંથી આવતા હોવા છતાં ગુજરાતના દલિત રાજકારણી યોગેન્દ્ર મકવાણાના પુત્રી અનુરાધા મકવાણા (તે વખતે કસ્ટમ સર્વિસ, અને હવે આઈએએસ ઓફિસર) સાથે પરણ્યા છે.

આજે પણ વિનોદ મલ્લ બિન સાંપ્રદાયિક વિચારધારાને વરેલા છે અને તેના જ કારણે છેલ્લા લાંબા સમયથી સાઈડ લાઈન થયેલા છે. છતાં વિનોદ મલ્લ પોતાની વિચારધારાને સંપૂર્ણ વફાદાર છે જે ભારતીય બંધારણને અનુરૂપ છે. વિનોદ મલ્લ આજે બુદ્ધ-કબીરની વિચારધારાનો પ્રચાર પ્રસાર કરતા એક એનજીઓ સાથે જોડાઈને કાર્ય કરે છે.

# અમિતાભ જાન્યુઆરીના અંત સુધી ગુજરાત આવશે

### ગુજરાતમાં ટૂરિઝમના પ્રચારનું શૂટિંગ કરશે

અમદાવાદ, તા.૭

બોલિવુડ અભિનેતા અમિતાભ બચ્ચન ફરી એકવાર ગુજરાતમાં ટુરિઝમના પ્રચાર માટે એડનું શૂટિંગ કરવા આવશે. આ વખતે અમિતાભ બચ્ચન કેવડિયા સહિત નડા બેટ, પોલોના જંગલ, ગિરનાર-રોપ વે, ડાયનાસોર મ્યુઝિયમ જેવા સ્થળોએ શૂટિંગ કરશે. ગુજરાત ટુરીઝમની જાહેરખબરોનું તેઓ શુટિંગ કરશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પ્રચાર પણ કરશે. ગુજરાત ટુરિઝમ વિભાગના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આગામી જાન્યુરીના અંત સુધીમાં તેઓ ગુજરાતમાં આવશે. ત્યારે હવે બિગ-બીના મોઢે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી નહિ દેખા તો કુછ નહી દેખાપક્ષના શબ્દો ફરી એકવાર સાંભળવા મળશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ગુજરાત કે ભારત નહિ પણ સમગ્ર વિશ્વમાં વ્યાપક પ્રચાર અને પ્રસાર કરી શકાય એ પ્રકારની એડ તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે.

ફરી એકવાર બોલિવુડના બાદશાહ અમિતાભ બચ્ચન ગુજરાત આવવાના છે. આ વખતે તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે બ્રાન્ડિંગ કરતા દેખાશે. છેલ્લા બે વર્ષમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નવુ આકર્ષણ બનીને ઉભર્યુ છે. હવે દેશવિદેશમાં તેની ખ્યાતિ પહોંચે તે હેતુથી ગુજરાત ટુરિઝમ દ્વારા તેનું બ્રાન્ડિંગ કરાશે.

કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ
20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36",
20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com